**આ પહેલા પણ ઢગલા બંધ માછલીઓના મોત થયા હતા, એરેટર પ્લાન્ટ બંધ હોવાથી માછલીઓના મોત થયા**

# સૂરસાગરમાંથી અસંખ્ય મૃત માછલીઓ મળી આવવાનો સિલસિલો યથાવત

**માછલીઓના** મોતથી જીવ દયા પ્રેમીઓ તંત્ર સામે રોષે ભરાયા





(પ્રતિનિધી) વડોદરા, તા.28
વડોદરા શહેરની મધ્યમાં આવેલા અને શાન સમાન સુરસાગર તળાવમાં અસંખ્ય માછલીઓના મોત થતાં તેના કોથળા ભરી ભરીને સફાઈ કર્મીઓ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. માછલીઓના મોતના કારણે વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઇ છે. તળાવમાં પાણીના ફિલ્ટરેશનની કામગીરી પણ પાલિકા તંત્ર દ્વારા બંધ કરી દેવાઇ છે. માછલીઓના મોતથી જીવ દયા પ્રેમીઓ તંત્ર સામે રોષે ભરાયા છે.

આ પહેલા પણ ઓક્સીજન પ્લાન્ટ બંધ હોવાથી અસંખ્ય માછલીઓ મૃત પામી હતી. ફરી આ દ્રશ્યો જોવા મળ્યા છે. તળાવના રિનોવેશન દરમ્યાન પણ મોટી અસંખ્યામાં માછલીઓ મૃત મળી આવી હતી. ફરી પાલિકાના ભોગે અનેક માછલીઓને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

તળાવમાં એરેટર સિસ્ટમ બંધ હોવાથી માછલીઓના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યુ છે. એરેટર પ્લાન્ટ બંધ હોવાથી ઓક્સિજન ન મળવાથી અસંખ્ય માછલીઓ મૃત પામી હતી. અસંખ્ય માછલીઓના મોતથી આસપાસ અસહ્ય દુર્ગંધ આવી રહી છે. અહીંથી પસાર થતાં રાહદારીઓને આ દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે સાથે મેંદાની ચીજ વસ્તુઓ પણ ઘણીવાર જીવદયા પ્રેમીઓ માછલીઓને ખવડાવતા હોવાને કારણે પણ માછલીઓ મરી ગઈ હોવાનું માનવામાં આવે છે.

અસંખ્ય માછલીઓના મરણ થવાને કારણે આજુબાજુના વિસ્તારમાં દુર્ગંધ ફેલાતા લોકો પરેશાન થઈ ગયા હતા જે અંગે કોર્પોરેશનને જાણ કરવામાં આવતા મરી ગયેલી માછલીઓ કોથળા ભરીને બહાર કાઢવામાં આવી હતી.

સુરસાગર તળાવ ડેવલપ થયા બાદ તળાવમાં પાણીજન્ય જીવ વધુ જોવા મળે છે.શહેરના દરેક તળાવમાં એરેટરની નવી સિસ્ટમ ઉમેરવાની જરૂર છે. એરેટર સિસ્ટમ જ્યાં સુધી બંધ રહેશે ત્યાં સુધી પાણી જન્ય જીવના મોત થઈ શકે છે. પાલિકા વહેલીમાં વહેલી તકે આ નવા પ્લાન્ટ નાખે તે ખૂબ જરૂરી છે. કારણ કે જેટલો સમય વધારે લાગશે તેટલા જળચર જીવો વધુ જાય એવી શક્યતાઓ વધી રહી છે.

## પરશુરામ જયંતીને લઇને શહેરના વિવિધ વિસ્તોરમાં ડ્રોન કેમેરા દ્વારા બાજનજર



■ પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચના અને માર્ગદર્શન મુજબ વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ના બને માટે તેમજ આજે શ્રી પરશુરામ જયંતીના પવિત્ર તહેવારની ઉજવણી પણ કરવામાં આવનારી છે. જેને લઇને ઘણા વિસ્તારમાં પરશુરામની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. ત્યારે શોભાયાત્રા દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારી ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં વડોદરા શહેર પોલીસ દ્વારા ડ્રોન દ્વારા ચકાસણી કરવામાં આવી રહી છે.

**કિશનવાડીમા જિઓના ગોડાઉનમાંથી 6 નંગ બેટરી ચોરી કરી હતી**

# માંજલપુર-કિશનવાડીમાંથી 22 નંગ બેટરી ચોરી કરનાર ત્રણ ઝડપાયા

**માંજલપુરમાંથી** ઇન્ડસ ટાવર લી.કં.ની 16 નંગ બેટરી ની ચોરી થઇ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા. 28
શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા કિશનવાડી પોલીસ ચોકી સામે ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાં આવેલ મકાન નંબર 21મા જિઓ કંપનીના ગોડાઉનમાંથી ઉપયોગ કરેલી કુલ 06 નંગ એક્ષીકોમ 100-એ.એચ. બેટરી જેની આશરે કિંમત રૂ 60,000ની ચોરી થયાની કંપનીના એસ્ટેટ મેનેજર દ્વારા ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી જે મુજબ ગત તા. 10 એપ્રિલના રોજ આશિષ કુમારે બપોરે ગોડાઉનમાં ચેક કરતાં બેટરી હતી પરંતુ તા. 25-04-2025 ના રોજ સવારે અગિયાર વાગ્યે બેટરી ચેક કરતાં ગોડાઉનમાં ન હતી જેથી તપાસ હાથ ધરી હતી પરંતુ બેટરીઓ મળી ન હતી ત્યારે માંજલપુર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ત્રણ ઈસમો અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલી બેટરી વેચવા ફરી રહ્યા હોય તે સ્થળેથી ત્રણ ઈસમો ઝૂબેર હનીફભાઈ મોહંમદ શેખ (રહે.વુડાના મકાન, દંતેશ્વર), અંકેશ રાજુભાઈ રાવત (રહે.વુડાના મકાન દંતેશ્વર) તથા અમીન અયુબભાઈ વોરા,(રહે.સુપર બેકરી પાસે, સરદાર એસ્ટેટ) ને ઝડપી પાડી તપાસ કરતાં તેઓ પાસેથી ગત તા.26 એપ્રિલના રોજ શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા મંગલેશ્વર મુક્તિધામ ચારરસ્તા સ્થિત ઇંડ્સ મોબાઈલ ટાવર ને ઈલેક્ટ્રીસિટી પૂરું પાડતી ઈન્ડસ ટાવર લી.કંપનીની કુલ 16 નંગ બેટરી જેની આશરે કિંમત રૂ 96,000 ચોરાઈ હતી તે તથા કિશનવાડી વિસ્તારમાં જિઓ ટાવરના ગોડાઉનમાંથી ચોરાયેલી એક્ષીકોમ 100એ.એચ.બેટરી નંગ -06 જેની આશરે કિંમત રૂ 60,000 તથા એક ઓટો રિક્ષા જેનો રજીસ્ટ્રેશન નંબર જીજે -23ડબલ્યુ-9687 જેની અંદાજે કિંમત રૂ 1,50,000 મળીને કુલ રૂ 3,06,000નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**ગાયે બોર્ડ ના વાચ્યું અને કાસમાં ખાબકી....**

# પાલિકાની અધુરી કામગીરી વેળાએ વરસાદી કાંસમાં ગાય ખાબકી

**ફાયર** બ્રિગેડના જવાનોએ ગાય નું રેસક્યું કરી બહાર કાઢી

(પ્રતિનિધી) વડોદરા, તા.28

વડોદરા મહાનગરપાલિકા અને તેની કામગીરી અંગે નગરમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટો ચાલી રહ્યા છે, અનેક ઠેકાણે પ્રિ મોન્સુન નું કામ કાજ ચાલી રહ્યું છે જેના ભાગ રૂપે વરસાદી કાસ, ડ્રેનેજ લાઈન નું કામ તથા ચેમ્બરો નું સાફ સફાઈ ની કામગીરી પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે શહેરના મધ્યમાં આવેલ વાડી વિસ્તારમાં ચોખંડી શાક માર્કેટ પાસે પાલિકા તંત્ર દ્વારા કાસ ની સફાઈ નું કામ ચાલી રહ્યું છે એમાં તંત્ર દ્વારા કામ અધૂરું મૂકી કાસ ખૂલી રાખી દેવામાં આવી હતી ત્યારે રાત્રિ ના સમયે એક ગાય અચાનક કાસ માં ખાબકી હતી. ત્યારે આસપાસ ના લોકો એ ગાય ને બહાર કાઢવા નો પ્રયત્ન પણ કરિયો હતો લોકો ગાય બહાર કાઢવા માં અસફળ થતાં ફાયર વિભાગ માં જાણ કરી હતી ત્યાર બાદ ફાયર વિભાગના જવાનો એ ભારે જેહ્મત બાદ ગાય નું રેસ્ક્યું કરી ગાય ને બહાર કાઢી હતી. લોકો નું કેહવું છે કે પાલિકા તંત્ર ની આવી લાપરવાહી સામે તાત્કાલિક દુરસ્તી જરૂરી છે.

આ અંગે રોષે ભરાયેલા લોકો એ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કમિશ્નરે સંબંધિત અધિકારીઓ પર યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવી જોઈએ.



**બે ઇસમોએ લાકડીથી મારમાર્યો**

# દીકરીની મશ્કરી કરવા બાબતે પિતાએ ઠપકો આપતાં હુમલો

**બંને** ઇસમોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન

(પ્રતિનિધિ) વડોદરા તા.28
શહેરના સનફાર્મા રોડ સ્થિત ભાયલી કેનાલ રોડ પર આવેલા શિવદર્શન વુડાના આવાસમાં વિપુલ રતીલાલ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે અને સનફાર્મા રોડ પર એક ખાનગી લેબોરેટરીમાં ફરજ બજાવે છે તેઓને સંતાનમાં બે દીકરીઓ છે ગત તા.26 એપ્રિલના રોજ તેમની મોટી દીકરી દૂધ લેવા માટે સોસાયટી બહાર આવેલી દુકાને ગઇ હતી તે દરમિયાન શિવદર્શન વુડાના આવાસમાં રહેતા કુલદીપ તથા સાહિલ સુરેશભાઇ સોલંકી દુકાનની નજીક મંદિર પાસે બેઠા હતા અને દીકરીની મશ્કરી કરી હોય દીકરીએ સમગ્ર મામલે ઘરમાં જાણ કરતાં વિપુલાભાઈએ બંનેને જ્યારે કોમન પ્લોટમાં ઉભા હતા તે દરમિયાન ઠપકો આપ્યો હતો ત્યારબાદ તેઓ તા.27એપ્રિલે બપોરે નોકરી થી પરત ઘરે જતા હતા તે દરમિયાન નિલકંઠ મહાદેવ મંદિર પાસે કુલદીપ અને સાહિલે તેમની મોટરસાયકલ ઉભી રાખી અને કુલદીપે "તું કેમ કાલે કોમન પ્લોટમાં દાદાગીરી કરતો હતો" તેમ કહી અપશબ્દો બોલી બંનેએ લાકડીથી ફટકા માર્યા હતા જેથી વિપુલભાઇ મોટરસાયકલ પરથી પડી ગયા અને તે વખતે વિપુલભાઈ નો ઘરે ફોન ચાલુ રહી ગયો હોય વિપુલભાઈના પત્ની તથા દીકરી દોડી આવ્યા જ્યાં બંનેએ ગડદાપાટુનો માર માર્યો હતો દરમિયાન લોકો ભેગા થતાં બંને ત્યાંથી ભાગી ગયા હતા. વિપુલભાઇ ને માથામાં લોહી નિકળતું હોય તેમના પત્નીએ ગોત્રી હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં વિપુલભાઈને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. સમગ્ર મામલે જે.પી.રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કાર્યવાહી હાથ ધરી છે.

**સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યોને નવીન શૈક્ષણિક સત્ર સંદર્ભે સંબોધન**

# મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલી જોડાઈ શિક્ષણની ચર્ચા સાથે સંવાદ કર્યો

**35 હજારથી** વધુ વિદ્યાર્થીઓ અને 5 હજાર વાલીઓ તથા એસએમસીના સભ્ય ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધી) વડોદરા,તા.28
સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રીભુપેન્દ્ર પટેલનું તમામ સરકારી શાળાના સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યોને નવીન શૈક્ષણિક સત્ર સંદર્ભે સંબોધનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ બાયસેગના માધ્યમથી યોજવામાં આવ્યું હતું.

બાળકોના શિક્ષણમાં વિકાસ કરવા માટે તેમજ તેઓની શાળા કક્ષાએ સક્રિય ભાગીદારી થાય તે માટે તેમજ શાળા વિકાસ માટે એસએમસી. અને એસએમડીસીને પ્રોત્સાહિત કરવા તથા વિવિધ બાબતોથી માહિતગાર કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત તમામ શાળાઓ પૈકી પ્રમુખ સ્વામી મહારાજ પ્રાથમિક શાળા, સમા ખાતે વિધાનસભાના દંડક અને રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય, સમિતિ ના પુર્વ ચેરમેન મિનેશભાઈ પંડ્યા તથા સમિતિના શાસનાધિકારી વિપુલભાઇ ભરતીયા, વોર્ડ-3 ના કોર્પોરેટર તેમજ વોર્ડના પ્રમુખ, એસ.એમ.સી અધ્યક્ષ તેમજ સભ્યો વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્યમંત્રી દ્વારા શિક્ષણ, સુરક્ષા અને સ્વાસ્થ્યની ચર્ચા કરી એસએમસીના સભ્યો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. શાળાના 'એક પેડ, મા કે નામ ' કાર્યક્રમ વિશે ચર્ચા કરી વૃક્ષારોપણની ચર્ચા કરી. તેમજ કેચ ધ રેઈન સંકલ્પ પાણી બચાવો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ CET માં મેરીટ માં આવેલા ધોરણ પાંચના બાળકોને વાલીઓ સાથે રાખી ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ NMMS ના ધોરણ આઠ ના બાળકોને વાલી સાથે રાખી ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના 35 હજાર થી વધુ વિદ્યાર્થીઓ અને 5 હજાર વાલીઓ તથા એસએમસીના સભ્ય ઉપસ્થિત રહી કાર્યક્રમ નિહાળ્યો હતો.

# ગોરવામાં જૂની અદાવત મુદ્દે 4 શખ્શોએ મારમાર્યો

**ઇજાગ્રસ્તને** પાંસળીઓ હ્રદય અને માથામાં ઇજાઓ પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા તા. 28
શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા જેનબ પાર્કમાં દિલીપસિંહ બાપુસાહેબ રાણા પોતાના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે. ગત તા. 19 એપ્રિલના રોજ તેમના ભાઇના દીકરાની પીઠી તથા જમણવારના કાર્યક્રમમાં તેઓ કરોડિયા ખાતે આવેલા સર્વોત્તમ પાર્ટી પ્લોટ ખાતે પરિવાર સાથે ગયા હતા. કાર્યક્રમ ચાલુ હતો તે દરમિયાન રાત્રે બાર વાગ્યાની આસપાસ અગાઉના ઝઘડાની અદાવતે દિલીપસિંહ ના ભાઈના સાળા રાજુભાઈને ભાઈના સાળુભાઈના દીકરા રોનક બાલાભાઈ રાઠોડ તથા સદ્દામ ભઈબાભાઈ રાણાનાઓએ અપશબ્દો બોલી ઝપાઝપી કરી હતી અને ત્યારબાદ જતાં રહ્યાં હતાં ફરીથી રાત્રે સાડા બારે રોનક,સદામ સાથે નાપાડના તાહિર રાઠોડ અને માહિર રાણાએ બોલાચાલી કરી દિલીપસિંહને અપશબ્દો બોલી ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો તે દરમિયાન રોનક રાઠોડે દિલીપસિંહ ને ગેટની બહાર નિકળ્યો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દિલીપસિહને ઈજા થતાં તેમના મિત્રોએ મધુનગર ગોરવા ખાતેના સૈયદ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં બીજી તરફ દિલીપસિંહ ના જમાઈ અતા ઉલ્લાખાન તથા દીકરી અનીશા જેઓ પાર્ટી પ્લોટમાં હતા તેઓને પણ ખુરશી અને લાકડીના ડંડા માર્યા હતા જેઓને સુભાનપુરા ખાતેના શ્રીનાથ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

**પ્રો.સતીશ પાઠકે ઈ.વીસીને પત્ર લખી રજૂઆત કરી ધ્યાન દોર્યું**

# વિવાદિત પૂર્વ વીસીના કાર્યકાળમાં થયેલી નિમણૂંકો શંકાના દાયરામાં

**ડીન હેડ** એક્ઝિક્યુટિવ કાઉન્સિલ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોની નિમણૂંકની પુન:સમિક્ષા કરવા માંગ

(પ્રતિનિધી) વડોદરા,તા.28
મ. સ. યુનિવર્સીટીમાં વિવાદીત પૂર્વ વીસી વિજયકુમાર શ્રીવાસ્તવ સામે સતત અવાજ ઉઠાવતા પ્રો. સતિષ પાઠકે ઈન્ચાર્જ વીસીને પત્ર લખી વિવાદીત વીસીના કાર્યકાળમાં ડીન હેડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોની નિમણૂંકની પુન:સમિક્ષા કરવા અપીલ કરી હતી. લાયકાત નહીં હોવા છતાં યુનિવર્સિટીમાં બની બેઠેલા અને હાઈકોર્ટની ફટકાર બાદ જાતે રાજીનામું આપી દેનાર વિજયકુમાર શ્રીવાસ્તવ પોતાના કાર્યકાળમાં જે નિમણૂક કરી હતી. જે પોતાના માણસોની કરી હતી. જેમની મેરીટ ન હોય તેમ છતાં જે એના ગુણગાન ગાતા હોય એવા લોકોની નિમણૂક કરી હતી. એ નિમણૂક રદ કરવા અને જે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સભ્યોની નિમણૂક કરવામાં આવી છે તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નિમણૂક થઈ છે. ડીનની નિમણૂક થઈ છે. આ તમામની નિમણૂક હવે શંકા ના ઘેરામાં જોવા મળી રહી છે. તેની પુન સમીક્ષા કરીને જે યોગ્ય ન હોય એમને કાઢી મૂકવા યુનિવર્સિટીના પ્રોફેસર સતીશ પાઠકે માંગણી કરી છે.તેમણે જણાવ્યું હતું કે હાલમાં એક પત્ર ઈન્ચાર્જ પ્રોફેસર ધનેશ પટેલને લખ્યો છે કે ભૂતકાળના સમયથી જ્યારે વિજયકુમાર શ્રીવાસ્તવ વીસી હતા ત્યારે એમણે એમની ખુશામત ખોરી કરે એવા એમની ચમચાગીરી, પગચંપી કરે એવા માણસોને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં કેટલાકને બેસાડ્યા છે. એવા સભ્યોને કે જેમનું પોતાનું કોઈ સ્ટેન્ડ હોતું નથી એ લોટાની જેમ પોતાનું સ્ટેન્ડ બદલે એ વિજયકુમાર શ્રીવાસ્તવના કહેવાથી જ એ વાત કોઈ લીક ના થવી જોઈએ. જે યુનિવર્સિટીના હિતની હોય તો પણ ક્યાંક જાહેર ન થાય તો એ હદે અત્યાર સુધી કાર્ય કરતા રહ્યા છે.

**હવામાનની પેટર્ન બદલાતા સોમવારે શહેરમાં મહત્તમ તાપમાન બદલાયું**

# 40.6 ડિગ્રીથી શહેરના રાજમાર્ગો બપોરે સુમસામ

**દરિયાકાંઠાના** વિસ્તારોમાં ભેજ સાથે એકાએક ગરમ પવનો ફૂંકાયા



(પ્રતિનિધી) વડોદરા, તા.28
ઉતર પશ્ચિમના પવનો તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજ વાળા પવનોને કારણે ગરમીનો પારો વધ્યો છે જેના કારણે રાજ્યના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાન 40ડિગ્રી ને વટાવી જતાં લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે ત્યારે વડોદરા શહેરમાં સોમવારે મહત્તમ તાપમાન 40.6ડિગ્રી સે.થતા બપોરે શહેરના રાજમાર્ગો સુમસામ જોવા મળ્યા હતા.

હાલમાં ઉનાળામાં ગરમીના બીજા રાઉન્ડમાં દેશના કેટલાક રાજ્યોમાં મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં પવનની દિશા સતત બદલાતા ઉતર ભારતના પર્વતીય વિસ્તારમાં વરસાદ, પવન, તીવ્ર પવનો ફૂકાઇ રહ્યા છે જ્યારે રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત તથા મધ્યપ્રદેશમાં ગરમીએ હાહાકાર મચાવી દીધો છે. ઉતર પશ્ચિમના પવનો ફૂંકાતા તેમજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજ સાથે ગરમ પવનો ફૂંકાતા રાજ્યના કેટલાક ભાગોમાં જેમાં રાજકોટ,ભાવનું, અમરેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, ડિસા સહિતના શહેરોમાં ગરમીનો પારો ઉંચે જતાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે જ્યારે મધ્ય ગુજરાતમાં પણ ગરમીનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જોવા મળી રહ્યું છે. રાજ્યમાં સોમવારે રાજકોટમાં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું જેમાં મહત્તમ તાપમાન 46.2ડિગ્રી સે., અમરેલીમાં 44.1 ડિગ્રી સે., અમદાવાદમાં 44.0 ડિગ્રી સે., ગાંધીનગરમાં 43.2 ડિગ્રી સે., ભાવનગર તથા ભૂજમાં 42.2 ડિગ્રી સે., ડીસામાં 41.6 ડિગ્રી સે. નોંધાયું હતું જ્યારે વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 40.6 ડિગ્રી સે., લઘુત્તમ તાપમાન 27.2 ડિગ્રી સે. જેટલું નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ વધતાં 29% રહેતા લોકો પરસેવે રેબઝેબ થયા હતા. સોમવારે શહેરમાં તાપમાન વધવાની સાથે સાથે હવામાં ભેજનું પ્રમાણ 29% થતાં લોકોને ગરમ પવનો વચ્ચે પણ દિવસે તો ઠીક પરંતુ રાત્રે પણ ઉચાટ અનુભવાયો હતો જેના કારણે લોકો પરસેવે રેબઝેબ થયા હતા જ્યારે દિવસમાં બપોરે શહેરના રાજમાર્ગો સૂમસામ ભાસી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ગરમીનું મોજું રહેવાની સંભાવના કરી છે. શહેરમાં વીજ માગમાં પણ ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે.

# મુખ્યમંત્રી આગામી પહેલીએ વડોદરા આવી વિશ્વામિત્રી પ્રોજેક્ટનું નિરીક્ષણ કરશે

**વિશ્વામિત્રી** પ્રોજેક્ટની ચાલી રહેલી કામગીરીનું મુખ્યમંત્રી કરશે અવલોકન, વડોદરામાં રાત્રિ રોકાણ પણ કરશે



(પ્રતિનિધી) વડોદરા,તા.28
વડોદરા શહેરમાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ અને વિકાસના કામોનું સ્થળ ઉપર નિરીક્ષણ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 1 મે ના રોજ વડોદરા આવી રહ્યા છે. તેઓ શહેરમાં રાત્રિ રોકાણ કર્યા બાદ 2 મે ના રોજ સવારે 9 કલાકે વિશ્વામિત્રી નદી પ્રોજેક્ટના કાર્યસ્થળે મુલાકાત લેશે અને કામગીરીનું અવલોકન કરશે. ગત વર્ષે પૂરની પરિસ્થિતિના પગલે મુખ્યમંત્રીએ વિશ્વામિત્રી નદીમાં ફરી કોઈ મોટી પૂરની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે તાત્કાલિક રૂ. 1200 કરોડ ફાળવ્યા હતા. હાલ નદીના 24 કિલોમીટર પટમાં રીસેક્શનીંગ, ડ્રેજિંગ અને મોડિફિકેશનની કામગીરી પ્રગતિશીલ છે. કુલ 15 લાખ ક્યુબિક મીટર માટી કાઢવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાં આજદિન સુધી 834230 ક્યુબિક મીટર માટી દૂર કરવામાં આવી છે. ઉપરાંત શહેરમાં અને શહેર બહાર વિવિધ કાંસોની સફાઈની કામગીરી પણ હાલ પ્રગતિ પર છે. મહત્વનું છે કે, તાજેતરમાં ગૃહ રાજ્ય મંત્રી તથા વડોદરાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીએ પણ વિશ્વામિત્રી પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું અને કાર્યપ્રગતિ અંગે સંતુષ્ટિ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "વડોદરા દેશનું પહેલું શહેર બનશે, જ્યાં 100 દિવસમાં આટલું વિશાળ કાર્ય થશે." વિશ્વામિત્રી પ્રોજેક્ટના કામથી પ્રભાવિત થઈ તેમણે ટીમ વડોદરાને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીની મુલાકાતને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા અને શહેર ભાજપ સંગઠન દ્વારા તૈયારીઓ જોરશોરથી હાથ ધરાઈ છે. સતત બેઠકો યોજાઈ રહી છે અને મુલાકાત દરમિયાન પ્રસ્તુત કરવાની માહિતીનું સચોટ આયોજન થઈ રહ્યું છે.